શહેરના ડેપોમાંથી દહેગામ જતી બસમાં બેસવા જતી યુવતિના આઈફોનની ચોરી

ગાંધીનગર, તા.૧૬

શહેરના એસ.ટી. ડેપોના પ્લેટફોર્મ નં.૧૦ પરથી બપોરના સમયે દહેગામ જતી બસમાં બેસવા માટે જતા ધક્કામુકીમાં ચોર શખ્સે યુવતિના આઈફોનની ચોરી કરી લીધી હતી. ત્યારબાદ યુવતિએ બસમાં તપાસ કરવા છતા મોબાઈલ ફોન મળી આવ્યો ન હતો. જેથી યુવતિએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના દહેગામ ખાતે રહેતી માનસી સુખડીયા અમદાવાદ નેશનલ કોલેજમાં એમ.કોમનો અભ્યાસ કરે છે. તેણી આઈફોનનો ઉપયોગ કરતી હતી. ગત તા.૧૦ ફેબુઆરીના રોજ સવારના આઠ વાગે ઘરેથી નીકળી ગાંધીનગર એસટી ડેપોમાં આવી હતી. કોલેજ થી પરત ફરી બપોરના સવા બારના સુમારે તે દહેગામ તરફ જતી બસમાં બેસવા માટે જતા મુસાફરોની ભીડભાડ અને ધક્કામુકી થઈ હતી. તે સમયે તેણીના પેન્ટના ખિસ્સામાં રહેલ ફોન કોઈ ચોર શખ્સે ચોરી કરી પલાયન થઈ ગયો હતો.જેથી બસમાં તપાસ કરવા છતા મોબાઈલ ફોન મળી ન આવતા યુવતિએ રૂ.૬૫ હજારની કિંમતના મોબાઈલ ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

વાવોલ-કોલવડા કટ પાસે આઈશર-બાઈક વચ્ચે અકસ્માતમાં એકને ઈજા

ગાંધીનગર, તા.૧૬

પુન્દ્રાસણ થી વાવોલ રોડ ઉપર કોલવડા જવાના કટ પાસે આઈસર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અચાનક આઈસર વળાંક લેતા બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને માથામાં તેમજ આંખના ભાગે ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના પુન્દ્રાસણ ખાતે રહેતા રૂપસંગજી ઠાકોર પોતાના પરિવાર સાથે રહીને ખેતીકામ કરે છે.જયારે તેમના પરિવારમાં ત્રણ દિકરીઓ અને બે દિકરા છે.જેમાં કરણસિંહ (ઉં.૩૦)અને રોહિત છે. ગતરોજ રૂપસંગજી ઠાકોર તેમજ નાનો દિકરો રોહિત ઘરે હાજર હતા તે સમયે ગામના રાજુજી આતાજી ઠાકોરનો આશરે પોણા દશ વાગે ફોન આવ્યો હતો અને કહ્યું કે કરણસિંહને વાવોલ કોલવડા કટ પાસે અકસ્માત થયો છે. જેથી રૂપસંગજી તેમના દિકરા સાથે તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યારબાદ સ્થળ પર જઈને જોયુ તો આઈસર ટ્રક નં.જી.જે.૧૮.એ.ઝેડ.-૪૮૦૫ સાથે અકસ્માત થયો છે. જયારે દિકરાને આંખના ભાગે અને માથાના ઈજા પહોંચતા ૧૦૮ માં સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયારે અકસ્માત અંગે રાજુજીને પુછપરછ કરતા જણાવ્યું કે કરણસિંહ અને રાજુજી બાઈક નં.જી.જે.૧૮.એ.એન.-૫૧૧૨ લઈ ગાંધીનગર જવા માટે નીકળ્યા હતા. તે સમયે કરણસિંહ બાઈક ચલાવતા હતા અને રાજુજી પાછળ બેઠા હતા. પુન્દ્રાસણ થી વાવોલ જતા કોલવડા કટ પાસે અચાનક આઈશર ચાલકે વળાંક લઈ બાઈકને ટક્કર મારી હતી.જેથી બંને નીચે પટકાયા હતા.જયારે કરણસિંહને માથાના ભાગે ઈજા પહોંચી છે જયારે રાજુજીને કોઈ ઈજા પહોંચી નથી. હાલ કરણસિંહ ખાગની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર સે. ૨૨માં આજે કોઈ અજાણ્યા વાહનચાલકે કપિરાજને ટક્કર મારતા જીવદયાપ્રેમીઓ ત્યાં ભેગા થયા હતા પણ કપિરાજ ભાગી ગયા હતા.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં લોકો હવે છાંયડો શોધતા જોવા મળી રહ્યા છે.

● સે. ૧૩માં પ્રા. શાળા નજીકના બગીચામાં લીલાછમ વૃક્ષોમાંય લીમડાના ઝાડનું ટ્રીમીંગ કેમ કરાયુ તેને લઈ વસાહતીઓમાં ચર્ચા જાગી છે.

● ગાંધીનગર શહેરમાં સેક્ટરોના આંતરિક માર્ગો પર સીટી બસોનું સંચાલન થાય તેવી ધીમા અવાજે માંગ ઉઠી રહી છે.

● બારડોલી કોઠીમાં અનિયમિત શિક્ષકો સામે પગલાં લેવામાં આવશે. આ શાળામાં શિક્ષકોની અનુપસ્થિતિમાં રમતાં રમતાં બે બાળકો ઈજાગ્રસ્ત થયા હતા.

● ગાંધીનગરના ભાટ ગામના કેફેમાંથી અજાણ્યો ગઠિયો આઈફોન ચોરી રફુચક્કર થયાની ઘટના નોંધાઈ છે.

● દહેગામ કપડવંજ હાઈવે પર ગાડીચાલકે બાઈકને ટક્કર મારતા યુવક ઈજાગ્રસ્ત થયો.

● માણસાના સમૌ ગામે તસ્કરે જાહેર માર્ગ પર પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી કર્યાની ઘટના નોંધાઈ છે.

● કલોલ બજારમાં મહિલાના પર્સમાંથી પાકિટની ચોરી કરી ગઠિયો ફરાર થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

● દહેગામના બહિયલ ગામમાંથી વરલી મટકાનો જુગાર રમતા એક ઈસમને પોલીસે ઝડપી પાડેલ છે.

● એપોલો સર્કલ પાસેથી કોલેજથી ઘરે પરત ફરી રહેલ યુવતીના હાથમાંથી બે ઈસમો મોબાઈલની લૂંટ ચલાવી હોવાની ઘટના નોંધાઈ છે.

● કલોલ કપિલેશ્વર મહાદેવના મહંતના જન્મદિવસે રક્તદાન કેમ્પ યોજાયો હતો તેમજ મહિલા સફાઈકર્મીઓને સાડી અપાઈ હતી.

● ગાંધીનગર પોલીસે સે. ૨૮માં જુગાર રમતા પાંચને ઝડપી લીધા છે.

● સોનારડામાં જમીન પચાવી પાડવાનો કારસો : ત્રણ ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ.

● પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૯મો સમૂહ લગ્નોત્સવ દહેગામ ખાતે યોજાઈ ગયો.

● જે.એમ. ચૌધરી સ્કૂલમાં પુલવામાં હુમલાના શહિદ જવાનોને ભૂલકાંઓએ અંજલિ અર્પી હતી.

● પેથાપુરમાં ૧૮ ફેબ્રુઆરીના રોજ બ્રહ્મસમાજની શાખા દ્વારા શિવરાત્રિ પર્વની ઉજવણી કરાશે.

કોબા ગામની જમીન પર કબ્જો જમાવનાર શખ્સ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના આસપાસની જમીનના ભાવ ઉંચકાતા ભુમાફિયા સક્રિય થયા છે. ખેડુતની કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવા માટે અવનવા પેંતરા રચે છે. ત્યારે કોબા ગામના ખેડુતની જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી ગેરકાયદેસર ઉપયોગ કરી માલિકને જમીન નહી આપવા માટે ધમકી આપતા કોબા ગામના વ્યકિત સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ જુહાપુરા નાઝ ડુપ્લેક્ષ ખાતે આલમભાઈ જમાલભાઈ મનસુરી પરિવાર સાથે રહીને નિવૃત જીવન ગાળે છે.તેઓની વડીલોપાર્જીત જમીન કોબા ગામની સીમમાં સર્વે નં. ૧૦૦-અ-૧ ક્ષેત્રફળ ૦-૦૧-૦૧ ચો.મી.ની જમીન આવેલી છે. આ જમીન પર આલમભાઈ અને તેમના ભાઈઓ ખેતી કરતા હતા. હાલ આ જમીન આલમભાઈ અને તેમના ભાઈઓના વાલીવારસોના નામે છે. વર્ષો અગાઉ આલમભાઈ નોકરી ધંધા માટે વતનમાંથી અમદાવાદ રહેવા માટે ગયા હતા. જયારે કોબા ગામે તેમના ભાઈ રસુલભાઈ જમાલભાઈ મનસુરી તેમના પરિવાર સાથે રહેતા હતા. તે સમયે જમીનનો કબજો અમારી પાસે હતો.જયારે વર્ષ ૨૦૦૪ માં રસુલભાઈના અવસાન બાદ તેમના પરિવારના સભ્યોએ કોબા વતન છોડી અમદાવાદ સ્થાઈ થઈ ગયા હતા. ત્યારબાદ તેઓ જમીન પર આવતા જતા હતા.જયારે વર્ષ ૨૦૦૫માં કોબા ગામના બેચરભાઈ કાળાભાઈ પટેલે જાણ બહાર મંજુરી લીધા વિના જમીનનો ઉપયોગ કરવાનું શરુ કરીને કબ્જો કરી લીધો હતો. તેમની જમીનમાં મકાન બનાવી ઓસરીનો ભાગ ફરીયાદીની જમીનમાં બનાવી દીધો હતો. આ અંગે જાણ થતા તેઓ તેમના ભત્રીજા યુનુસ રસુલભાઈ મનસુરી અને જાવેદ અબ્દુલ મનસુરી આ બેચર પટેલને મળીને જમીન પરત આપવા માટે કહ્યું હતું.ત્યારે જમીન મુદ્દે બેચર પટેલે જમીન પર ફરીથી નહી આવવા માટે ધમકી આપી હતી. જયારે હાલમાં બેચર પટેલે કોબા ગામની જમીનમાં બે દુકાનો પણ ગેરકાયદેસર ઉભી કરી દીધી છે. ત્યારે ગેરકાયદેસર જમીન પચાવી પાડવા મુદ્દે કોબા ગામના બેચર પટેલ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી છે.

ઉનાળો આવે એટલે આઈસક્રીમની અનાયાસે જ યાદ આવી જાય. અત્યારે તો આઈસક્રીમ માર્કેટમાં ઈન્ટરનેશનલ બ્રાન્ડ આવી ગઈ છે પરંતુ આઈસક્રીમનું દેશી વર્ઝન માટલા કુલ્ફી હજુ ક્યાંક ક્યાંક જોવા મળી જાય છે. બાળપણમાં જેમણે માટલા કુલ્ફીનો સ્વાદ માણ્યો હશે તેઓ હજુ તેના અનોખા સ્વાદને ભૂલ્યા નહી હોય. ઉનાળો શરૂ થતાં જ સેક્ટર-૭ના માર્કેટમાં માટલા કુલ્ફીની લારી ગોઠવાઈ ગઈ છે જેનો સ્વાદ બાળકો હોંશથી માણી રહ્યા છે.

હું ક્યારેય રાજકારણમાં જોડાવાનો નથી : હિતેનકુમાર

સંતાનો મા-બાપથી દૂર થઇ રહ્યાં છે જેના કારણે વ્યસન અને આત્મહત્યાઓ વધી રહી છે : ઉત્સવ નાયક : તમે તમારી મર્યાદાને જાળવશો તો કોઇ તમારો ગેરલાભ નહીં ઉઠાવી શકે : નેત્રી ત્રિવેદી : "સિરાજ-૨૦૨૩"ના ઉદઘાટનમાં ગુજરાતી સિતારાઓ છવાયાં

ગાંધીનગર, તા. ૧૬

"પોલિટિક્સ ઈઝ નોટ માય કપ ઓફ ટી"સટ્ટાક દઈને એવું સ્પષ્ટ જણાવતાં ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર હિતેન કુમારે આજે "સિરાજ-૨૦૨૩"ના ઉદઘાટન પ્રસંગે પત્રકારો સાથે ફિલ્મ કલાકારોના રાજકીય પક્ષોમાં જોડાવાના ચાલી રહેલા ટ્રેન્ડ્સ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે "હું એકમાત્ર ગુજરાતી સુપસ્ટાર હોઇશ જે ક્યારેય રાજકારણમાં નહીં જોડાય" આ સાથે તેમણે હવે સિંગલ સ્ક્રિનનો યુગ આથમી ગયો હોવાનું સ્વિકાર કરવા સાથે અત્યારે અભિનય ક્ષેત્રે નવી યુવા પ્રતિભા વધુ ક્ષમતા ધરાવતી હોવાથી ભવિષ્ય ઉજળું હોવાનો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો. હિતેન કુમાર સાથે ઉપસ્થિત યુવા અભિનેતા ઉત્સવ નાયકે વર્તમાન સમયમાં યુવાનોમાં વધતી જતી નશાખોરીનું દૂષણ અને વધી રહેલી આત્મહત્યાઓ અંગે પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે "યુવાનો પોતાની વ્યથા કે મુશ્કેલીઓ મા-બાપને જણાવી શકતા નથી કેમકે આજકાલ સંતાનો મા-બાપથી વધુ દૂર થઇ રહ્યાં છે અને મિત્રો-મોબાઇલની વધુ સંગતે રહે છે, મિત્રતા સારી વાત છે પરંતુ બધા મિત્રો સારા જ હોય તે પણ જરૂરી નથી." અભિનેત્રી નૈત્રી ત્રિવેદીએ અભિનય-મોડેલિંગ ક્ષેત્રે યુવતીઓના શોષણ જેવી ઘટનાઓ અંગે અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું હતું કે "દરેક યુવતીએ તેની મર્યાદા જાતે નક્કી કરવાની હોય છે, જો તમે તમારી મર્યાદાને જાળવી રાખો તો કોઇ પણ વ્યક્તિ તમારો ગેરલાભ ઉઠાવી શકતો નથી".

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝની વાર્ષિક બીઝનેસ અને ટેકનિકલ ઇવેન્ટ "સિરાજ-૨૦૨૩"માં ગુજરાતના અલગ અલગ ૨૦ જિલ્લાઓમાંથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવાની આ કટિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૧૦૦થી વધારે કોલેજોમાંથી ૨૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. સિરાજ-૨૦૨૩માં જે વિવિધ ઇવેન્ટ્સ આવરી લેવાઇ છે તેમાં **All for sale, Hatch your idea!, Fund ka Funda, Inteligentia, Magnanimation, Gamiacs, Thinkina blink, Quizzitive,Tecno-Bug, Web Tecnocrats Sur aur Saaz, Foot-Loose, Dhundhte reh Jaoge, Mr & Ms. Siraaj-૨૦૨૩** અને **X'pression** વગેરેનો સમાવેશ થાય છે. સિરાજ-૨૦૨૩ના ઉદઘાટન સમારંભમાં ગુજરાત સરકારના જોઇન્ટ ઉદ્યોગ કમિશનર આર. ડી. બારહટ્ટ તેમજ ગુજરાતી ફિલ્મના અભિનેતાઓ જેવા કે હિતેન કુમાર, ઉત્સવ નાયક, નૈત્રી ત્રિવેદી, ઓટીટી પ્લેટફોર્મ ઓહો ગુજરાતીના સીઇઓ સૂર્યદીપ બસિયા અને તેના ટીમ સભ્યો પ્રતિક રાઠોડ અને સ્મિત જોષીએ હાજરી આપી હતી.

શહેરના સેક્ટર-૮માંથી ઈકોના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ ખાતે પ્લોટ નં.૧૮૪ ખાતે પાર્ક કરેલી જગ્યા પરથી ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી થવા પામી છે.

બનાવ અંગે યુવકે પોલીસ મથકે રૂ.૫૦ હજારના સાયલેન્સરની ચોરી થવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ કપડવંજના વાઘજીપુરના સેકટર-૮ સી પ્લોટ નં.૧૮૪ ખાતે સુનિલકુમાર હિંમતસિંહ ચૌહાણ પરિવાર સાથે રહે છે. તેઓ છેલ્લા ચાર વર્ષથી સરગાસણ પ્રમુખ પેરામાઉન્ટ ખાતે એમેઝોનની કુરીયર ઓફિસમાં ડીલીવરી બોય તરીકે નોકરી કરે છે. જયારે પિતાના નામે જી.જે.૦૭.ડી.ઈ.-૬૫૯૩છે.

ગઈ તા.૩૧ જાન્યુઆરીના રોજ બપોરના ગાડી લઈ ખેડબ્રહ્મા ગયો હતો. ત્યાં કામ પુરુ કરીને ઘરે આવીને રાત્રીના સમયે સાડા દશ વાગે ગાડી સેકટર-૮ માં ઘરની સામે ખુલ્લી જગ્યામાં લોક મારી પાર્ક કરી સુઈ ગયા હતા.

જયારે બીજા દિવસે નોકરી પર જઈને ઘરે પરત આવી વતન જવા માટે ગાડી ચાલુ કરતા ગાડીના સાયલેન્સરનો અવાજ બદલાયેલ લાગતા તપાસ કરતા ગાડીનું સાયલેન્સર ચોરી થઈ જતા રૂ.૫૦ હજારના સાયેલન્સર ચોરી અંગે યુવકે ફરીયાદ નોંધાવી છે.

કલોલ તરફ જતા શેરથા ટોલટેક્ષથી આગળ ત્રિપલ અકસ્માત

સ્કોર્પીઓ કારના ચાલકે ડીવાઈડર કુદાવી ફોર્ચ્યુનર અને વેગન-આર સાથે ટકરાઈ, અકસ્માતમાં કારમાં સવાર મુસાફરોને ઈજા

ગાંધીનગર, તા.૧૬

અડાલજ થી કલોલ માર્ગ પર ગતરોજ બપોરના સુમારે શેરથા ટોલટેક્ષથી આગળ માર્ગ પર ત્રિપલ અકસ્માત સર્જાયો છે. કલોલ થી અમદાવાદ તરફ જતી સ્કોર્પીઓ કારના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ડીવાઈડર કુદાવી સામેના માર્ગ પર આવી રહેલી ફોર્ચ્યુનર કાર સાથે ટકરાઈ અન્ય વેગન-આર કારના આગળના ભાગે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ ત્રિપલ અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફિકજામ થઈ ગયો હતો.જયારે વેગન-આર કારમાં સવાર મુસાફરોને તેમજ ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.

બનાવ અંગે સ્કોર્પીયો કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા રાધેશ્યામ રેસીડેન્સી ખાતે રહેતા મૌલિક નટવરલાલ પટેલ પરિવાર સાથે રહે છે.જયારે તેઓ ચાંદખેડા ઓએનજીસી ખાતે જુનીયર આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે.

જયારે પોતાના અંગત ઉપયોગ માટે જી.જે.૦૧.કે.વી.-૨૭૮૭ નંબરની વેગન-આર કાર છે. ગતરોજ બપોરના પોણા ત્રણ વાગે મૌલિકભાઈ પત્ની, માતા-પિતા સાથે મહેસાણા ખાતે લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. તે સમયે શેરથા ટોલટેક્ષથી આગળ કલોલ તરફ જતા સામેના માર્ગ પરથી પુરઝડપે આવેલી સ્કોર્પીઓ કાર નં.જી.જે.૨૭.સી.એફ.-૬૫૪૫ ના ચાલકે ડીવાઈડર કુદાવી ફોર્ચ્યુનર કાર નં. જી.જે.૦૧.આર.એલ-૧૭૪૧ ને ડ્રાઈવર સાઈડ ટકરાઈ હતી.ત્યારબાદ સ્કોર્પીઓ વેગનઆર કાર નં. જી.જે.૦૧.કે.વી.-૨૭૮૭ને સાથે ટકરાતા કારમાં સવાર ચાર જણાને શરીરે ઈજાઓ પહોંચી હતી. ત્રિપલ અકસ્માત સર્જાતા કારના આગળનો ભાગનો ખુડદો બોલી ગયો હતો. અકસ્માતમાં વેગનઆર કારના ચાલકને માથાના ભાગે તેમજ તેની પત્ની અને પિતા સહિત માતાને પણ ઈજા પહોચી હતી. કાર ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

માનસિક અજંપો અને તેના ઉપાયો વિષય પર વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા વરિષ્ઠ નાગરીકો માટે વાર્તાલાપ નું આયોજન આગામી તા.૧૭ ફેબુઆરીને શુક્રવારના રોજ બપોરના ૪.૩૦ કલાકે સિ.સિ.કા.ની ઓફિસ સેકટર-૨૧ પ્લોટ નં.૭૯૦ નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સેકટર-૨૧ ખાતે યોજાશે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની સેવાકીય પ્રવૃતિના ત્રણ દાયકા પૂર્ણ થતા વાર્તાલાપનું આયોજન કરાયું છે. જેમાં શહેરના જાણીતા ડો.રાજેન્દ્ર આનંદ વરિષ્ઠ નાગરીકોને માનસિક અજંપો અને તેના ઉપાયો વિષય પર વાર્તાલાપ આપશે. કાર્યક્રમમાં સૌ સભ્યોને સમયસર હાજર રહેવા પ્રમુખ સરોજબેન દેસાઈએ જણાવ્યું છે.

માણસા અને કલોલ બ્લોકના રિટેલરો સાથે sppt/ નેનો યુરિયા તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૧૬

આજે FO, અમદાવાદ દ્વારા ગાંધીનગર જિલ્લાના માણસા અને કલોલ બ્લોકના રિટેલરો સાથે SPPT/નેનો યુરિયા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રમણ જિલ્લાના માણસા અનેકલોલભાઈ પટેલ (ચેરમેન - માણસા એપીએમસી) મુખ્ય મહેમાન તરીકે, મહેશભાઈ પટેલ (માજી ચેરમેન-માણસા એપીએમસી), શ્રી બેચરભાઈ પટેલ (મેનેજર- માણસા ટીપીએસયુ) શ્રી ડૉ. જે.આર. ખોજા (SO-IFFCO) શ્રી રાકેશભાઈ પટેલ (સંપર્ક) ઓફિસર ગુજકોમાસોલ), રવિ સોજીત્રા (એફઓ- ગાંધીનગર) આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિતો તરીકે હાજર રહે છે. આ કાર્યક્રમમાં કુલ ૬૮ રિટેલર્સ હાજર છે અને નેનો યુરિયા માટે તેમનો સકારાત્મક સમર્થન આપે છે. શ્રી ડૉ. જે.આર. ખોજાએ શ્રોતાઓને ઈફ્કો નેનો યુરિયા અને ઈફ્કોની અન્ય પ્રોડક્ટ વિશે માહિતી આપી હતી. શ્રી રમણભાઈ પટેલ (ચેરમેન - માણસા એપીએમસી) એ પણ જણાવ્યું હતું fu IFFCO નેનો યુરિયાને ખેડૂતો તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને નેનો યુરિયા પર તેમનો પોતાનો ફાર્મ વ્યુ શેર કરે છે. શ્રી રાકેશભાઈ પટેલ (લાયઝન ઓફિસર -ગુજકોમાસોલ) એ ખાતરી આપી કે નેનો યુરિયાના વેચાણ માટે ગુજકોમાસોલ પણ તેમનો સહયોગ આપશે.

ચિલોડા મોટા આર્મી ગ્રેટ સામે જીપીએલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ

ગાંધીનગર,તા.૧૬

૧૫/૨/૨૩ ના રોજ GPL (GANDHINAGAR PREMIAR LEAGE) નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું Oppning કરવામાં આવ્યું જેમાં ગાધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશજી ઠાકોર ઉપસ્થિત રહ્યા અને અમારા પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી, તેમની સાથે ગાધીનગર જીલ્લા ડેલીકેટ દશરથજી ઠાકોર , તાલુકા ડેલીકેટ જગાભાઈ પટેલ, પુર્વે જીલ્લા પંચાયત સદસ્ય લલિતસિહ ઠાકોર મોટા ચિલોડા P.I A.S. અસારી,

મોટી શિહોલી સરપંચ પરબતસિહ ઠાકોર, ડેપ્યુટી સરપંચ કલ્પેશજી ઠાકોર અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

હોળીના પાવન પર્વ નિમિત્તે સરગાસણ ખાતે ચિત્ર સ્પર્ધાનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૧૬

હોળી ના પાવન પર્વ નિમિત્તે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા અને યુરોકિડ્સ પ્રી સ્કૂલ-સરગાસણનાં સહયોગથી સરગાસણ ખાતે આગામી તા.૫મી માર્ચ, રવિવારના દિવસે બપોરે ૩:૩૦ કલાકે ચિત્ર સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો સ્પર્ધકોએ " રંગીન કૃતિ " વિષય પર પોતાની કૃતિ તૈયાર કરવાની રહેશે. સ્પર્ધામાં ૪ થી ૧૬ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૨૮ રાખવામાં આવેલ છે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર વિજેતાઓને ઈનામ આપીને ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવશે તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરવામાં આવશે તો ભાગ લેવા માટે ઈચ્છુક બાળકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭ પર રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવેલ છે.